સમુદ્ર નદી કરતાં હંમેશા
નીચે હોય છે, માટે નદીઓ
દોડતી સમુદ્રમાં ડૂબી જાય
છે, નીચે રહેવામાં તમે
હંમેશા ફુલી શકો છો
- ચીની કહેવત

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૯૫ | ૧૫ જૂન, ૨૦૧૪, રવિવાર; જેઠ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



# ગાંધીનગર બી.બી.એ. કોલેજનાં વિદ્યાર્થીઓને નોકરી આપવા માટે કંપનીઓ તલપાપડ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની છેલ્લા ૧૫ વર્ષથી સફળતાનાં સોપાનો સર કરતી એક માત્ર બી.પી. કોલેજ ઓફ બી.બી.એ.માં એક અઠવાડીયાની અંદરનાં સમયગાળામાં સતત બીજી વખત જોબ પ્લેસમેન્ટ માટે કંપનીઓ આવવાથી બી.બી.એ.નાં વિદ્યાર્થીઓમાં જબ્બર ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

એક તરફ જ્યાં નેશનલ તેમજ ઈન્ટરનેશનલ લેવલની ૬ કંપનીઓએ ૫૦ થી વધુ બી.બી.એ.ના વિદ્યાર્થીઓને માતબર પગારથી નોકરીઓ ઓફર કર્યાનો આનંદ છવાયેલો છે ત્યાં બીજી તરફ પાંચ જ દિવસનાં ટુંકાગાળામાં બિંદા એચ.આર. સોલ્યુશન્સ દ્વારા એમ.ટી.એસ. ઈન્ડિયા તેમજ રૂપેશ જૈન એન્ડ એસોસીએટ્સ જેવી પ્રતિષ્ઠીત પેઢીઓ માટે ડાયરેક્ટ સેલ્સ ટીમ, કન્ટેન્ટ એનાલિસ્ટ ફ્રન્ટ ઓફિસ એડમિન, ટેલી એકાઉન્ટન્ટ, સેલ્સ કોઓર્ડિનેટર તથા શૉ-રૂમ ઈન્ચાર્જ જેવી પોસ્ટ માટે ૪૦ થી વધુ વિદ્યાર્થીઓ માટે આશરે માસિક રૂ. ૧૫,૦૦૦ના પગારથી પ્લેસમેન્ટ થવાનાં સમાચારથી સોનામાં સુગંધ ભળ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે. હાલ બી.બી.એ. કોલેજ કરી રહેલા તથા પાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓને નોકરી આપવા માટે અનેક કંપનીઓ રોજ કોલેજનો સંપર્ક કરી રહી હોવાનાં અહેવાલો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા બે વર્ષથી મેનેજમેન્ટ લાઈનની માંગ વધવાથી લોકો બી.બી.એ. કોલેજ તરફ વધુ આકર્ષાઈ રહ્યાં છે. કોલેજનાં પ્રિન્સીપાલ ડૉ. રમાકાન્ત પુષ્ટીની રાહબરી હેઠળ ડૉ. જયેશ તન્ના તથા પ્રો. માર્ગી દેસાઈ દ્વારા કોલેજમાં રોજગારી અને નોકરીને લગતાં અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવે છે.